NAVSARI AGRICULTURAL UNIVERSITY

હિસાબ નિયામકશ્રી
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી.

વંચાણે લીધા : અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/કંન્ટ્રોલ/ ૯૬૦૩–૬૨ /૨૦૧૪, નવસારી તારીખ : ૦૩/૧૨/૨૦૧૪

# પરિપત્ર

ઉપરોકત વંચાણે લીધા પરિપત્રથી નવસારી કૃષિ યુનિવર્સિટીની તમામ કચેરીઓને કચેરીના નાણાકિય વ્યવહાર માટે જેતે કચેરીના નામનું બેન્ક ખાતું ખોલવાની અત્રેથી મંજુરી આપેલ હતી અને તે મુજબ આ યુનિવર્સિટીની તમામ કચેરીઓએ હાલમાં બેન્ક ખાતા ખોલાવી કચેરીના નાણાકિય વ્યવહારો બેન્ક મારફત કરી રહયા છે.

યુનિવર્સિટીના આંતરીક ઓડીટ તેમજ લોકલફંડ ઓડીટના સુચન મુજબ દરેક કચેરીઓએ દર માસે કેશબુકની સિલક અને પાસબુકની સિલકનું મેળવણું કરી લેવાનું હોય છે. પરંતુ ઘણી ખરી કચેરીઓ બેન્ક મેળવણું કરતી નથી, જેને કારણે નાણાકિય અનિયમિતતા થવાની શકયતા રહે છે.

ઉકત બેન્ક મેળવણાની કાર્યવાહી દરમાસે નિયમિત પણે થાય તે માટે નાણાકિય લેવડ–દેવડનું બેન્ક સ્ટેટમેન્ટ ઓનલાઈન મેળવવા બેલેન્સ તપાસણીનાં હકક (Balance View Right) ની જરૂરીયાત જણાય તો અત્રેથી તેની મંજુરી મેળવી લેવા દરેક કચેરી વડાઓને જણાવવામાં આવે છે.

હવેથી બેન્ક મેળવણા પત્રક (Bank Reconciliation) ફકત ઈ–મેઈલ control@nau.in ઉપર દરમાસની પમી તારીખ સુધીમાં અચુક મોકલી આપવાનું રહેશે. હાર્ડ કોપી કોઈપણ સંજોગોમાં મોકલી નહિ. જેની સર્વેએ નોંધ લેવી.

હિસાબ નિયામક

જા.નં. નકૃયુ/કોમ્પ્ટ/કંન્ટ્રોલ/ ૮૨૧૩ /૨૦૧૫
નવસારી તારીખ : ૦૭/૦૯/૨૦૧૫

**નકલ સવિનય રવાના :**
અત્રેની કચેરીના યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતુ થવા સારૂ